
(old)

હીંદુઓમાં, તેરમા-સીમંતની મજમણવારો સંબંધી આ ભાષણ ૧૦૨૯

અત્રેનાં મોટા મંદીરમાં, સંવત ૧૯૩૪નાં કારતેગ વદ ૬ ને દીવસે, કંઠીબંધા વાણીઆઓનાં મળેલા

મહાજન આગળ

રંગીલદાસ હુરકીશનદાસે વાંચી સંભળાવ્યું હતું.



સુરત મધે

ખજાનાની સામે અબદુલા બેગની હવેલીમાં વિક્ટોરિઆ પ્રેસમાં મંછારામ ઘેલાભાઇએ છાપ્યું.

સન ૧૮૭૮—સંવત ૧૯૩૪.

કીંમત બે આના.

હાંકુ


તેરમા-સીમંતની જમણ રે સંબંધી આ ભાષણ

(old)

અત્રેનાં મોટા મંદીરમાં, સંવત ૧૯૩૪નાં
કારતેગ વદ ૬ ને દીવસે, કંઠીબંધા
વાણીઆઓનાં મળેલા

મહાજન આગળ

રંગીલદાસ હુરકીશનદાસે
વાંચી સંભળાવ્યું હતું.



સુરત મધે

કીલાની સામે અબદુલ્લા બેગની હવેલી વિક્ટોરિઆ પ્રેસમાં મંછારામ ઘેલાભાઇએ છાપ્યું.
સન ૧૮૭૮—સંવત ૧૯૩૪.

પ્રસ્તાવના.

આ ભાષણ કરવાનું આદ્ય કારણ એ હતું કે ગયે સાલ વખતસર વરસાદની તાંણ પડવાથી, તથા તેથી દુકાળની ધાસ્તી લાગવાથી, અનાજ વગેરેનાં બજારોમાં ભારે ઉડાઉડ ચાલી. આ ઉપરથી અત્રેનાં મ્હાજનવાળાઓએ, હીંદુઓમાં ચાલતી જમણવારો તે વરસની આખર સુધી બીલકુલ બંધ રાખવાનો ઠરાવ કીધો, જે, લોકોની તરફથી ઉપલી મુદત સુધી, કબુલ રાખવામાં આવ્યો. પણ પાછળથી લોકોએ, ઉપલી ધાસ્તીથી જરા મોકળા થયેલા ધારી, પાછી તેઓની જમણવારો જારી કીધી. આમ થવાથી લોકોની સ્થીતી ઉપર વીચાર કરી, આ શેહેરનાં હજારો લોકોની ઉપલી જમણવારોથી થતી પાયમાલીનો અટકાવ કરવાની રૂડી ધારણાંથી, ઉપલા મ્હાજનમાનાં કેટલાક સદ ગ્રહસ્થોએ તથા અત્રેનાં મોટા મંદીરનાં મ્હારાજ ગોસ્વામી શ્રી મધનલાલજીએ લગ્ન શીવાયની સીમંન્ત તથા તેરમાની જમણવારો બીલકુલ બંધ કરવાનો વીચાર કરી, ચાલતા સાલનાં કારતેગ માસની સુદ ૬ ને દીવસે, કંઠીબંધા વાણીઆ સમસ્તનું મ્હાજન મેળવી તેઓની આગળ પોતાનો ઉપલો વીચાર જણાવ્યો, પણ એ વીશે કેટલીક ન્યાતોનાં આગેવાનોએ પોતાની ન્યાતોમાં પુછી જવાબ દેવાનો ઠરાવ કરાવ્યો, અને તે મુજબ એજ માસની વદ ૬ ને દીવશે ફરીને મ્હાજન મળનાર હતું.

આ કામમાં અત્યાર સુધી મારી તરફથી ખુલ્લી રીતે કાંઇ પણ ભાગ લેવામાં આવ્યો નહીં હતો, પણ રખેને ઉપર જણાવેલા ભલું ઇચ્છનારા સદ ગ્રહસ્થ સાહેબોનો વીચાર રદ જાય અને તેવામાં આ કામમાં એક બે મારા હોંસીલા મીત્રોની તરફથી ભલામણ થવાથી, ઉપર જણાવેલ દીવશે મળનાર મ્હાજનમાં જઇ, મજકુર

બાબતને લગતું એક ભાષણ વાંચી સંભળાવવું એવા વીચારથી, આ પ્રમાણેનું એક ટુંક ભાષણ તૈયાર કરી, આ કામમાં એક આગેવાની ધરાવનાર મીત્રની સાથે, ત્યાંના આમંત્રણ ઉપરથી, ઉપર જણાવેલા મોટા મંદીર મધે મળેલા મ્હાજનમાં ગયો. કેટલીકવારે સંધા સાહેબો મળ્યા પછી, ઉપલી જમણવારેની બાબતની તકરાર ચાલવા માંડી અને કેટલીકવાર સુધી તેમાં કાંઇ પણ ભાગ ન લેતાં, ઉપર મુજબની તકરારથી કાંઇ પણ ધારેલું પરીણામ નીપજે તેની આશા ન લાગવાથી, એક વાર એવો પણ વીચાર કર્યો, કે ચાંથી છુપે મોડે રૂકસત લેવી, પણ જે મીત્રની સાથે હું ત્યાં ગયો હતો, તેની તરફથી મને રોકવા ઉપરથી, મને જરા થોભવાની જરૂર પડી, તોપણ કાંઇ રંગ બદલાયલો નજર આવ્યો નહીં તેથી મારા મનમાં જોશ ઉત્પન્ન થયો અને તેથી એકદમ ઉઠી, ત્યાં બીરાજેલા મહારાજ (જે આ કામમાં ઘણી હોસ બતાવતા હતા તથા લોકોને સારી સમજુતી આપતા હતા) તથા ત્યાં મળેલા સર્વે સાહેબો આગળ એ પ્રસંગને લગતું થોડુંક બોલી, તેઓની આગળ એક ભાષણ વાંચી સંભળાવવાની રજા માંગી જે તેઓએ ઘણી ખુશીની સાથે આપી અને તેને એક વખાણવા લાયક રીતજ અને એક ચીત્તે સાંભળી પોતાની પ્રસનતા બતાવી જેને માટે ઉપલા ગો. સ્વામીજીનો તથા ત્યાં મળેલા સંધા સાહેબોનો મોટો ઉપકાર માની, મારા વતની ભાઇઓનું મારા અંતઃકરણથી હીત ઇચ્છી, તથા મારા કેટલાક મીત્રોની ભલામણથી, આ એક, ઉતાવળથી, ટુંક, સાદુ, અને મારા સરખા કમ અનુભવીની તરફથા લખાયલું કેટલીક રીતે ખામી ભરેલું ભાષણ, છપાવી બાહાર પાડવાની હીંમત ધરી છે, જેઓની ખામીઓ તરફ નહીં પણ તેમાંની હીતકારી મતલબો ઉપર ધ્યાંન આપી, ઉમેદ છે કે હર એક

વાંચનારા સાહેબો, તે પાર પાડવાને પોતાનાં ખરા દીલથી બનતી મદત કરશે.

સુરત—નાણાવટ, તા૦
ડીસેંબર ૧૮૭૭. } રંગીલદાસ હરકીસનદાસ.

તાજા કલમ.

વાંચનાર સાહેબો તમે જાણીને ખુશ થશો કે આ ભાષણ વંચાઇ રહયા પછી, થોડાકોની તરફથી કાંઇક જુજ તકરારો ચાલી, પણ તેઓના મનનું સમાધાન ત્યાં બીરાજેલા ચાલાક અને હોંસીલા મ્હારાજે કરી આપ્યાથી, સંઘાઓએ એક દીલ થઇ, તેરમા ઉપર વરો નહીં કરવાનો તથા સીમંતની બાબતમાં ફકત પોતાનાં સગાંવાલાંજ જમાડવાનો ઠરાવ કીધો અને જો કોઈ ઉપલો ઠરાવ તોડે તો તેને માટે કોઇ બીજો ઠરાવ કરી, તે મ્હાજનની આગળ મેલવાને માટે તેમાનાં સત્તર ગ્રહસ્થોને મુકરર કરવામાં આવ્યા હતા.

રં—હ૦

ભાષણ.

સદ ગ્રહસ્થ સાહેબો—

આપ સાહેબોએ જે કારણસર અત્રે એકઠા થવાની તસદી લીધી છે અને જે સંબંધી થોડીક સતરોમાં મારી નીચે મુજબની સુચના છે, તેને માટે મને ખાત્રી છે, કે જો તે એક લોક હીતકારી તરીકે ધ્યાંન આપવા યોગ્ય ઠરે, તો તે ઉપર તમારૂં પુરતું ધ્યાંન આપી તેને પાર પાડવાને ઘટતી મદત કર્યા વગર રેહેસો નહીં.

આ બાબત એવી છે કે જેણે, હાલ થોડાક માસ થયાં, આપણાં અત્રે બીરાજેલાં મ્હારાજ ગો સ્વામી શ્રી મધનલાલજીનું, તથા આપણાં શેહેરનાં માહાજન મંડળમાનાં તથા ગુજરાત મીત્ર તથા દેશી મીત્રનાં અધીપતીઓ વીગેરે કેટલાક હોંસીલા, ચાલાક અને પરોપકારી સદ ગ્રહસ્થોનું, અચ્છું ધ્યાંન ખેંચ્યું છે, અને તેને માટે જણાવવાને ખુશી ઉપજે છે કે, તેઓની આ એક ભલી અને લોક હીતકારી કોશેસમાં, નહીં ધરાય એટલે દરજ્જે, તેઓની અત્યાર સુધીની પણ, એક અપુર્ણ કોશેસમાં ફતેહ પામ્યાં છે. પણ તેની સાથે બીજી તરફથી દલગીરી સાથે કેહેવાને જરૂર પડે છે કે, આ બાબતનું મુળ, પેલો આપણાં આખા દેશની ખરાબી ઉપર તલપી રેહેનાર મ્હા ભયંકર અને જોરાવર દુશમન દુકાળ હતો; પણ જેની દેહેશતથી હાલને સમે આપણે દુર થયેલા જોઇને પરમેશ્વરનો મોટો પાડ માનવો જોઇએ તથા ખરા દીલથી તેની પાસે માગવું જોઇએ કે ફરીને આવી ખફા દ્રષ્ટીથી તે ન જુવે. નહીં તો જે ખરાબીઓ, હાલ ચાલતી મ્હાભારત અને કમકમાટ ભરેલી લડાઇથી, સાંભળવામાં આવે છે, તે કરતાં પણ ઓર જાદે ખરાબીઓ આપણાં દેશનેજોવી પડતે. પણ આફતનું વા-

દળ વીખરાઈ ગયું અને ઈશ્વર કૃપાથી, કેહેવત મુજબ, દુખમાંથી પણ સુખ ઉત્પન્ન થાય છે, તે જોવાની આપણી આગળ, તેની કેટલીક એંધાણીઓ દીસવા માંડે છે.

આ બાબત એવી છે કે, જેને અત્યાર સુધી ચાલુ રાખ્યાથી આપણાં એક કદીમ પણ મુલકમાં અને એક વખતે મોટા તવંગર ગણાતા શેહેરની, સોભા અને મોટાઈનો અંત આણનાર અને પાએમાલી કરનારા કારણોમાંનું એક કારણ થઈ પડયું છે, અને કેહેવાને અફશોશ લાગે છે કે જે શેહેર આજથી બસેં વર્ષ ઉપર આખા હીંદુસ્થાનનાં વેપારનું મુખ્ય મથક અને બંદર ગણાતું હતું, અને તે વખતમાં આખી દુનીયાની પીઠ ઉપરનું કોઈ પણ શેહેર, દોલતમાં તેની બરોબરી કરી ન શકતું અને જ્યાંના રેહેવાસીઓમાં સેંકડો માણસો ક્રોડપતીઓ મળી આવતા હતા, તથા જે શેહેરના બંદરમાં આવતા માલ ઉપરની જકાત તરીકે રૂા. ૩૦ લાખ તથા ટંકસાલની ઉપજનાં નફામાંથી રૂા. ૧૧ લાખ મળી, દર વરશે ૪૧ લાખ રૂપીઆ એક વખત દીલ્લીની બાદશાઈ તીજોરીમાં જતાં હતા, તે શેહેરની એટલી તો દુર દશા થઈ પડી છે કે, જ્યાં હજાર પતીઓ પણ હાલમાં થોડા મળી આવે છે તથા તેની આગલી સોભાની સાથે સરખાવતાં કહીયે તો એક ગાંમડાનો દેખાવ આપે છે, તો તે શું આપણને થોડી દલગીરી ભરેલી વાત છે.

હવે તેના કારણો તરફ જોતાં, સાફ માલમ પડે છે કે કેટલાંક કારણોથી, અત્રેનો વેપાર તુટયો, લોકોમાં આગ્રહ અને ઉદયોગ ઘટયો, આળશ અને મોજશોખ વધી, અને તેની સાથે બીન જરૂરીયાતનાં બખલુટ ખરચો જારી રહયા, જેથી ઘણું કરીને, આ શેહેર તેની હાલની માઠી હાલતે પોહોંચ્યું અને તેમાં નવાઈ પણ નથી. કોઈ પણ એક મોટો વેપારી પોતાનાં ત્યાંનો વેપાર તુટયા પછી, તેની આવક કમી થયાં છતાં, ઉદયોગ છોડી, આળસ અને મોજશોખમાં પડે અને તેટલોજ મોટો ખરચ જારી

રાખે તો તે કેટલી મુદત સુધી ટકી શકશે. તેમજ આ શેહેરને થ-શું તેમાં તાજુબ જેવું નથી. હવે આવું સ્પષ્ટ રીતે જોવા છતાં, આવી રીતે થતી ખરાબીઓ ક્યાં સુધી ચાલુ રાખવી? શું હજી પ-ણ આપણે હાલ કરતાં વધારે માઠી હાલતે પોંહોંચવા ચાહીએ છઈએ? શું હજી પણ, આપણાં બીજી કોમોનાં વતની ભાઈઓની દયા ઉપજાવનારી હાલતથી, સદીસા ચેતી અને સીખામણ લઈ તેના ઈલાજો સોધવાની, આપણને જરૂર નથી? અને જો જરૂર છે તો વખતસર અટકાવ કરવો જોઇએ અને એમ થાય તોજ તે-નાં કડવા ફળોનો સ્વાદ ચાખવો નહીં પડે.

આ બાબત એવી છે કે, જેને હાલને સમે હાથમાંથી છોડી દેવાથી તેનાથી થતી ખરાબીઓનો અટકાવ કરવાને, ફરી એવો પ્રસંગ આવવો મુશકેલ છે અને કદાચ ફરીને એવો પ્રસંગ આ-વ્યો, તોપણ હાલ ચાલતી ખરાબીઓ ચાલુ રહયાથી, પાછળથી પસ્તાવાનાં કડવા ફળો જરૂર ચાખવા પડશે. અલબત્તા, હર એક પરોપકારી અને લોક હીતકારી કામોની શરૂઆત, મુશકેલી અ-ને નાઉમેદીઓથી વીટલાએલી હોય છે, તોપણ એવાં કામોમાં છે-વટ સુધી હોંસ અને આગ્રહ જારી રાખ્યાં તો ફતેહનો દરવાજો ન-જીક છે. એવાં કામોમાં તો મુશકેલી અને અટકાવો હોવાજ જો-ઇએ, પણ તેથી જો એક વખત હાર ખાઇ ઉંચા બેઠા તો તે-થી ઓર વધારે ખરાબી ભરેલાં પરીણાંમો નીપજે છે, અને ગય-લી તક ફરી આવતી નથી એટલે પાછળથી પસ્તાવો થાય છે. મા-ટે જે કાંમ આરંભ્યું તેને પુરૂં કરવાની જો હંમેસ ટેવ રાખી હોય તો, જશ અને ફતેહ આગળ છે, પણ પેહેલાથીજ તેઓની આ-શા રાખી શકાતી નથી. જે પ્રમાણે હર એક કામની અગત્યતા, તે પ્રમાણે તેમાં મુશકેલીઓ રહેલી છે, તોપણ જો એક વખત, હીંમત અને હોંસની મદત લઇ તેને દુર કરવામાં આવી તો, પછી તે મુશકેલીનો અખરો અને ઉંચો પાહાડ ચહડતાં વાર લાગતી નથી.

હવે ટુંકમાં કેહેતાં, આ બાબત એ છે કે, જેને એક અની-તી ભરેલી–બીન જરૂરીઆતની–શરમ ભરેલી અને અઘટીત વરા કરવાની, એક પાયમાલી કરનાર હોંસ અને ઇ રાઇ કહીએ તો ચાલે; જે બાબત ઉપર અત્રે, હું થોડુંક વધારે બોલવાની રજા લઉં છઉં.

પેહેલી બાબત એ છે કે, આપણા લોકોમાં લાંબી મુદત થયાં, આપણાં વડીલો, સીમંતને પ્રસંગે પોતાને ત્યાં પોતાનાં કેટલાક ન્યાતીલા ભાઇઓને તથા દોસ્ત આશનાઓને, એ બાબતની ખુશાલી તરીખે જયાફત આપતા હતા અને તે રીવાજની આપણથી ના કહી શકાતી નથી, તોપણ તેની સાથે એટલું તો યાદ રાખવું જોઇએ કે, જે દરજાએ તે રીવાજ હાલ એક કર દાખલ તથા ઉડાઉપણાંના પત્રાજી ભરેલા આકારનું રૂપ ધારણ કરી બેઠો છે તેમ તો કોઇથી કહી શકાશે નહીં. વળી તેની સાથે એ રીવાજને તે વખતનાં બધાજ લોકો પસંદ કરી, તેને અઘટીત નોહોતા ગણતાં તેમ પણ હોય એમ નથી. હાલ પણ આપણે જોઇએ છઇએ કે કેટલાક સમજુ તો આવી જમણવારોમાં તેને નથીત સમજી ભાગ લેતા નથી, અને તે વીશેની સાબેતી આપણાં પોતાનાં શાસ્ત્રોથી પણ મળી આવશે. હવે કોઇ સવાલ કરે કે જો એમજ હોય તો, આ રીવાજને આપણાં વડીલો કેમ જારી કરતે અને ચલાવતે? શું તેઓ બેવકુફ હતાં? જેનાં જવાબમાં મારે એટલુંજ કેહેવાનું છે કે કદાચ તેઓ બેવકુફ નહીં હશે, તોપણ એ રીવાજને જન્મ આપ્યાનાં તેઓને કેટલાક કારણો હતાં જે આપણને બીલકુલ નથી. એક તો એ કે આપણી હાલની તથા તે વખતની તેઓની નાણાં સંબંધી હાલતમાં મોટો ફરક હતો, અને તેથી એ રીવાજ તેઓને વધારે અનુકુળ હતો, જે આપણી હાલની સ્થીતીને બીલકુળ છાજતો નથી. બીજું એ રીવાજનું મુળ કારણ એ હતું કે, આ પ્રસંગને એક ખુશી ભરેલો ગણવા કરતાં, આફત ભ-

રેલા ગણ્યાં અને હજી પણ કેટલાક વૃધ અને સમજુ માણસો ને તેને વીશે તેમ બોલતાં સાંભળીએ છઇએ.

એ રીતે તેને આકૃત ભરેલા પ્રસંગ જાણી, પેલી અવસર વાળી ઓરતને ખુશી આનંદમાં રાખવા માટે, સુંદર કપડા તથા જેવરોથી શણગારી ખુશ રાખતા (જેમાં ઓરતો એક મોટુ સુખ તથા લાહાવો સમજે છે) તથા પોતાનાં દોસ્ત આશના તથા કેટલાક ન્યાતીલા ભાઇઓને પોતાને ત્યાં ઉપર મુજબ જમવા નોતરતા, અને તેજ મુજબ પાછળથી પેલા દોસ્ત આસનાઓ પણ પેલી ઓરત તથા બચ્ચાંને સારો અને પુષ્ટી આપતો ખોરાક મળે, એવા હેતુથી તેઓને ઘેર તેડતા અને જે રીવાજ હજી સુધી આપણે ચાલતો આવેલો જોઇએ છઇએ. વળી વધારે સાબેતી એ રીતે જોઇતી હોય તો, જે, એ પ્રસંગે શાસ્ત્ર મુજબ ક્રીયા કરાવવામાં આવે છે તેની પણ મુખ્ય મતલબ તો એજ છે કે દેવતા તથા પોતાનાં પુર્વજોને પ્રસન્ન કરવા અને આ કામમાં શાહાય કરે અને ખેર ગુજારે અને તેને માટે કાંઈ બેરાદ કરવી જોઇએ. અને ભોજનને એક સઉથી ઉત્તમ બેરાદ ગણીને તેના ઉપર ખરા હક ધરાવનારાઓને તથા સુપાત્ર માણસોને શામેલ કરતાં. હવે એ ઉપર સઉથી પેહેલો હક દેવ દેવસ્થાનોનો તથા બ્રાહ્મણોનો તથા તેથી ઉતરતો પોતાનાં નજીકનાં સગાં વાહાલાઓનો છે પણ તે શીવાયનાં બીજા વગર હકવાળાઓને, કોઈ સામેલ કરે, ઇયા કોઇ થાય તો બંધેને માથે સરખોજ દોશ બેસે છે. જેમ કોઈ શખસ પોતાનું એક નવું મકાન બંધાવે અને તેની વાસ્તુ ક્રીયા કરી તેનાં ઉપર ખરા હક ધરાવનારાઓને બેરાદ ન આપતા બીજાઓને આપે યા કોઈ લે તો બંધેને માથે દોશ બેસે છે, તેમજ ઉપલી બાબતમાં પણ સમજવું. હવે ઉપલો સીમંતનો રીવાજ, જે ઉપર જણાવેલી ઉમદા અને ઉંડી મતલબોથી તથા આપણાં વડીલોની ઉંચી સ્થીતીને યોગ્ય આજ્ઞાથી જન્મ પામેલો, તે રીવાજ

આપણી હાલની સ્થીતીને બીલકુલ અયોગ્ય છતાં, તેની અસલ મતલબો ઉપર પાણી ફેરવી તેથી આપણી તથા આપણી હવે પછીની ઓલાદની અગણીત ખરાબીઓ છતાં તેને વળગી રહીએ તો તેમાં શું ડહાપણ ભરેલું તથા આપણાં વડીલોનું માન રાખવા જેવું છે. કદાચ એમ ધારો કે આપણાં વડીલો જેણાથી આ રીવાજ નીકળીયો છે, તેઓ જો આપણી સઘળી ખરાબીઓ ઉપરથી જોઈ શકતા હોત તો તેઓ પણ તેઓનાં રીવાજને આવો દુઃખ કારક અને હસવા જોગ કરી મુકેલો જોઇ તથા તેઓની સારી મતલબો ઉંધી વળેલી જોઈ, મોટા પસ્તાવામાં પડતે. વળી બીજી રીતે જોતાં પણ એ રીવાજ ઘણો હસવા યોગ્ય તથા બેવકુફી ભરેલો થઇ પડે છે, તે એવી રીતે કે, કોઇ પણ વેપારી પોતાનુ વહાણ બંદરે પોહોંચ્યા અગાઉ, ભર દરીએ છતાં, જો તે વહાણની સલામતી આપે અને કદાચ તે પાછળથી ખરાબા ઉપર અફડી ડુબી ગયું અથવા ભાંગી પડયું, તો પેલા વેપારીને લોકો શું કેહેશે.

એજ પ્રમાણે મર[illegible] બાબતમાં પણ જે રીવાજ ચાલ્યો છે તથા હજી આપણે ચલાવીએ છઇએ તેનાં પણ મુળ કારણો અને મુળ મતલબો ઉંધી વળ્યાથી ખરાબીનો કાંઈ પાર રહયો નથી. કેટલાક સમજુ તો આ બાબતની જમણવારોમાં, સીમંતની જમણવારો માફક નશીત ગણી, ભાગ લેતા નથી. કોઈ પણ માણસ—ક્યાં બચ્ચું—ક્યાં જુવાન, કે ક્યાં ઘરડું, ગમે ઓરત, યા મરદ મરે અને તેની પાછળ જે કાંઈ ખરચ કરવામાં આવે તો તે કાંઈજ નહીં પણ તેની પાછળ ખેરાદ દાખલ ગણાવવું જોઇએ અને તેમાં પણ ઉપર જણાવેલા ખરા હકદારો શીવાએનાંને દાખલ કરવાથી દોશ બેસવો જોઇએ.

હવે ઉપર જણાવેલા બંને રીવાજોથી થતી ખરાબીઓ તરફ નજર કરતાં તથા આપણી હાલની સ્થીતીની બાહાર જઇ, વડીલો-

ની સ્થીતી સાથે બરોબરી કરી બીજા તેઓનાં ઘણાંક સારા રી-
વાજોને પડતા મુકી, મજકુર રીવાજોને, તેઓથી અગણીત ખરા-
બીઓ છતાં, વળગી રેહેવામાં, કાંઇ પણ તેઓનું માન રાખીએ
છઇએ, એમ કદી પણ સમજવું નહીં, પણ તેમ કીધાથી તો તે-
ઓને, આપણી પોતાની મુર્ખાઇથી આપણી થયેલી ખરાબી
તથા પાએમાલીનાં, (અસલ મતલબોથી અંજાણપણાંને લી-
ધે, બીજા લોકોમાં) મુળ ગણાંવીએ છઇએ તથા આપણા સંબ
દુખોનો દોશ તેઓને માથે નાંખીએ છઇએ. પણ વાસ્તવીક રીતે
જો કહીએ તો કદાચ ચાલે કે આપણી જે હાલની દુરદશા જોવા-
માં આવે છે, તે બીજું કાંઇજ નહીં પણ તેઓનાં નીતી અને ડ-
હાપણ ભરેલા રસમો અને રીતોથી ઉલટા અને બાહાર જવાથી,
તેના ફળો અને તેની એક સજા તરીકે છે.

ક્યાં સંસારી કે ક્યાં રાજદવારી, કે ક્યાં બીજી હર કોઇ બા-
બતમાં, સ્થીતી અને વખતને અનુસરીને હંમેશા ફેરફાર થતા
જોવામાં આવે છે. સંસારી બાબતોમાં જોતાં આપણે પોતેજ
આપણા જેવરોમાં, પોશાકોમાં તથા ખાનપાનોમાં, કેટલો ફેર-
ફાર કીધો છે. રાજદવારી બાબતમાં પણ તેમજ જોઇએ છઇએ;
આપણી સરકાર પણ લોકોની બદલાતી જતી સ્થીતી અને રીતો
પ્રમાણે દરેક વર્ષે કાયદાઓમાં કેટલો ફેરફાર કરતી જાય છે, માટે
જેમ જમાનાનું ચક્કર હમેશા ફરતું રેહે છે, તેમ આપણે પણ
આપણા સંસારીક સુખ દુખને લગતા રીવાજોમાં ફેરફાર કરતા
રેહેવું જોઇએ.

ખુશીની વાત છે કે આગળ જણાવ્યા પ્રમાણે, આપણાં
મ્હાસજ તથા મ્હાજનવાળા વીગેરે સદગ્રહસ્થો, કારતેક સુદ ૫ ની
મુદત સુધી કોઇ પણ જાતની જમણવારોને અટકાવવાની તેઓની
સુભ કોશેશમાં ફતેહ પામ્યાં હતા. હાલમાં ફરીને લગ્ન શીવાયની,
મરણ તથા સીમન્તની જમણવારોનો, હમેશ સુધીનો અટકાવ ક-

રવાને તેઓની કોશીસ ચાલે છે. પણ લોકો પોતાનું હીત ન સમ-
જવાથી તથા કેટલીક ન્યાતોનાં આગેવાનોની તરફથી હરકતોને લી-
ધે, ઉમદા ભલુ ઇચ્છનારા અને સદગ્રહસ્થોનું માન રેહે એમ હુ
ધારતો નથી.

ઉપલા બંધે નફફટાઈ ભરેલા તથા પાયમાલી કરનારા રીવા-
જોનો અટકાવ કરવાની દરએક ન્યાતોનાં આગેવાનોની પેહલી ફ-
રજ હતી, પણ દલગીરીની વાત છે કે તેઓ તરફની આવા કામોમાં
થોડીજ મદદ જોવામાં આવે છે. આ કામોમાં તેઓની ફરજ છે
કે તેઓએ મદદ કરવી જોઇએ અને તે તેઓએ જાણવું જોઇએ
અને જો તેમ કરવામાં આવે તોજ તેઓ પોતાનું માન મરતબો
પોતાનાં ન્યાતીલા ભાઇઓમાં જાળવી શકે. તેઓ તરફથી યોગ્ય
રીતે આવી ફરજો અદા કરવા ઉપર તેઓનાં સેંકડો ન્યાતીલા ભા-
ઇઓનાં સુખનો આધાર રહેલો છે, એથી તેઓ અજાણ નહીં
હશે, પણ અફશોસની વાત છે કે, આમાનું કાંઇ જોવામાં આવ-
તું નથી. તેઓની ફરજ છે કે પોતાની ન્યાતોમાં કયા કયા રીવા-
જો કાહાડી નાખવાથી, તથા કયા કયા નવા દાખલ કરવાથી, લો-
કોનું ભલું થાય છે, કેવી રીતે મુશકેલી પડતી દુર થઇ શકે છે તથા
કજીઆ કંકાસનાં મુળો કેવી રીતે જડમુળથી ઉખેડી શકાય છે, તે
ઉપર તેઓએ ધ્યાન આપવું જોઇએ. અને જો એ પ્રમાણે તે-
ઓની તરફથી પોતાની ફરજો બીનપક્ષપાતપણે, તથા નીર્મળ મન-
થી બજાવવામાં આવી હોત તો, તેઓના દર એક ન્યાતીલાભાઇ-
ઓની પ્રીતી તથા માન તેઓ મેળવ્યા વગર રેહેત નહીં. પણ તે-
વી રીતે નહીં વર્તવાથી, તેથી ઉલટું જોવામાં આવે છે. બંધે પ-
ક્ષવાળાઓને એક બીજાઓનું અપમાન કરતાં, ચોથરાંફાડ ઝઘડા
તથા એક બીજાઓની તરફ અદેખાઈ તથા કીનાંઓની નજરથી
જોતાં પણ કરીને સઘળી ન્યાતોમાં હમેશ જોવામાં આવે છે.
અને વાસ્તવીક રીતે જો કહીએ તો બધી ખરાબીઓનો ઠેકો

ઉપર મુજબ અદા નહીં કરનારા કેટલાક આગેવાનોને ઘરે છે. હવે બીજી રીતે જોતાં, આવી બાબતોમાં ફરજ અદા કરનારા કેટલાક આગેવાનોથી, બીજા દેશોમાં અને મુખ્યત્વે કરીને આપણી ઉપર રાજકરતાઓનાં દેશોમાં, લોકોની સ્થીતીમાં કેટલા મોટા ફેરફાર થયલા જોઇએ છઇએ. તેઓમાં જેવી જુદી જુદી મંડળી, યા સભાઓ હોય છે તેમજ આપણામાં દરએક ન્યાત અને તેના ઉપરીઓ સમજવા. પણ ઉપર જણાવ્યા પ્રમાણે, ઉપલા દેશોના લોકોની સ્થીતીમાં જે સારો અને મોટો તફાવત જોવામાં આવે છે, તે તેઓનાં આગેવાનોની સમજ શકતી અને વર્તણુકો ઉપર આધાર રાખે છે.

ઉપર મુજબ કહેવાની એક સાબેતી અને દાખલા તરીકે કહેતાં, હાલ આઠ દશ વર્ષની વાત ઉપર, સીંધ પ્રાંતમાં એક ઠાઠા નામનાં શહેરમાં, ત્યાંની મુસલમાન કોમમાં આપણા જેવાજ કેટલાક રીવાજો તેઓનાં વડીલોથી ચાલતા આવેલા હતાં, અને તેઓમાં પણ આપણી માફક, અસલ રીવાજોને ખરાબીનું ડરામણુ રૂપ આપી દેવાથી, લોકોની હાલત છેક દુરબળ થઈ ગઈ હતી, જે ઉપરથી તે જમાતનાં કેટલાક આગેવાનોએ તે તરફ ધ્યાન આપી, તેમાંના કેટલાક રીવાજોને જડમુળથી કાહાડી નાંખી તથા કેટલાકોમાં ઘટતો ફેરફાર કરી ઘણાં સારાં ફળો નીપજાવ્યાં અને તેઓની આ તારીફ લાયક કોશિસને માટે સરકાર તરફથી પણ સારી સાબાશી મળી. જેની વીગત સાથેનું એક ચોપાનીયું પણ છપાઇ બાહાર પડવામાં આવ્યું હતું.

હવે ટુંકમાં, આપ સાહેબોનો વધારે વખત ન રોકતાં એટલુંજ કહેવા માંગુ છઊં કે આ કામમાં સંધા સાહેબોએ એક દીલ થઈ, આપણા ધર્મગુરૂ અને આપણી કોમનાં બીજા આપણું ભલું ઇચ્છનારા સાહેબો, આપણા સારાને માટે જે આ હુંબ કામ પાર પાડવાને આટલી તસદી લે છે, તેઓને તેમાં મદદ કર-

ની જોઈએ; અને જેમ ઉપર જણાવેલી બાબતમાં મશહુર શહેર-નાં આગેવાનો પોતાનાં કામમાં ફતેહ પામ્યાં હતા, તેમ આ કામ-માં પણ મને ઉમેદ છે કે, તેમ થશે.

બીજી તરફ વળી આ કામ ઉઠાવનાર સાહેબોને પણ મારી તરફની ભલામણ છે કે, જે કામ તમોએ હાથ ઉપર લીધું છે, તે કામમાં ગમે તેટલી હરકતો પડે તથા લોકો ઉપવાદ સાંભળવા-માં આવે તોપણ તે ઉપર કાંઈ ધ્યાન ન આપતાં, હાથમાં લીધેલું કામ છોડવું નહીં, કેમકે હાલ તો કદાસ કેટલાક લોકો તમારી કાળ-જીની કદર, તેઓની બેસમજ અને હઠીલાઈને લીધે જાણી શકશે નહીં, તોપણ પાછળથી તેના સારા ફળો આવ્યાં પછી, તેઓ તથા તેઓની પછીની ઓલાદ તમને કદી ભુલશે નહીં, એ-મ હું ખાત્રીથી કહું છું. જેમ એક માબાપ, પોતાનાં બચ્ચાં-નો રોગ મટાડવા માટે તે બચ્ચાંની ઓસડ પીવાની હઠ અને તો-ફાન સામું ન જોતાં તેના ભલાને માટે પોતે જોર જુલમ કરે-છે, જેની કદર તે બચ્ચું પાછળથી સારું થયા પછી સમજે છે, તેમ આ કામમાં પણ જો અગત્ય પડે તો (બને ત્યાં સુધી સમજુ-તીથી રાજી રાખી) કોઈ પણ તેવા ઉપાયથી હરકતો દૂર કરવી. પણ આશા છે કે આ શુભ અને લોક હીતકારી કામમાં, કોઈ પણ શખ્સ યા શખ્સો, પોતાનાં હજારો ન્યાતીલા ભાઈઓના લાભની તથા દુઃખ ટાળનારી બાબતમાં, આડા પડી એક નીર્દય અને બેસમજનો પોતાને માથે અપજશ ન લેતાં, ઊંડી નજરથી પોતાનાં ખરા દીલથી મદત આપશે.

હવે આ ભાષણ બંધ કરતી વખતે દર એક ન્યાતોનાં આ-ગેવાન સાહેબોને, મારી છેલ્લી અને ફરીને એટલીજ ભલામણ છે કે તમારી માંહોમાંહની જો કાંઈ પણ તકરારો હોય તો હા-લ તમે એક કોરે મુકી, આ કામમાં તમે પહેલ કાહાડો કે જેથી બીજી આપણી હીંદુ ન્યાતીનાં આગેવાનોને પણ તમારો દાખલો